Letter No: SJED/0107/12/2023 Dt: 06-12-2023

ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, રાજકોટના નવા બાંધકામ માટે કુલ રૂ.૫૫૯.૨૮/- લાખના સુધારેલી વહીવટી મંજુર આપવા બાબત.

**ગુજરાત સરકાર**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
**ઠરાવ ક્રમાક: SJED/MSM/e-file/17/2022/0175/CHH**
સચિવાલય, ગાંધીનગર
તા. /૧૨/૨૦૨૩

**વંચાણે લીધા:**

(૧)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૦૭/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૨૦/૩૭૪૬૨/ન.બા/છ

(૨)નિયામકશ્રી, સમાજ સુરક્ષા પ્રભાગના તા.૦૭/૦૨/૨૦૨૨ ના પત્રક્રમાંક: સસુખા/બકમ/૨૦૨૧૨૨/૨૮૬-૨૨૭

**આમુખ:**

નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના અંદાજપત્ર માં નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા સંચાલિત ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, રાજકોટના નવા બાંધકામ માટે કુલ અંદાજીત રકમ રૂ.૬,૫૪,૭૫,૬૦૦/- ની 1/3 રકમ રૂ.૨૧૬.૦૦ લાખ ની જોગવાઈ ની નવી બાબત ની સૈદ્ધાંતિક મંજૂરી મળેલ. આ અંગે ઉપર વંચાણે લીધા ક્રમાક: (૧) ના તા.૨૭/૦૭/૨૦૨૦ ના ઠરાવથી કોરોના ને ધ્યાને લઈ રૂ.૧૯૬.૫૬ લાખની જોગવાઈ ઘટાડીને રૂ.૧.૦૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. સદર વહીવટી મંજૂરી અપૂરતી હોઈ, નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા ઉક્ત વંચાણે લીધા ક્રમાંક: (૨) થી રૂ.૬,૫૪,૭૫,૬૦૦/- ના અંદાજો માટે મળેલ મંજૂરી સામે હવે રૂ.૫૫૯.૨૮/- લાખની સુધારેલ વહીવટી મંજૂરી આપવા ની દરખાસ્ત કરેલ છે. જે બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધા ક્રમાક (૨) પરની તા.૦૭/૦૨/૨૦૨૨ ની દરખાસ્તના અનુસંધાને ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, રાજકોટના નવા બાંધકામ માટે કુલ અંદાજીત રકમ રૂ.૬,૫૪,૭૫,૬૦૦/- અંદાજો મંજૂરી રાખી રૂ.૫૫૯.૨૮/- લાખના સુધારેલી વહીવટી મંજુર આપવામાં આવે છે.

ઉપરાંત આ યોજના હેઠળની અન્ય તમામ શરતો યથાવત્ રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૫/૧૧/૨૦૨૩ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

eSign
Signed by: DRASHTI PANKAJBHAI SHAH
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 06-Dec-2023 (03:36 PM)

**(દ્રષ્ટિ શાહ)**
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી, નાણા વિભાગ(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- સેકશન અધિકારીશ્રી, છ-૧ શાખા- બજેટ શાખા તથા કોમ્પ્યુટર સેલ(વિભાગની વેબસાઈટમાં છ શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે)